
## વડીલોને વંદન અભિનંદન



મીનાબેન ભૂપેન્દ્રકુમાર શાહ
(૧૯૪૭) ૨૩૨૪૮૨૩૭



કાન્તાબેન જી. પટેલ
(૧૯૨૫) ફોન : ૨૩૨૨૦૦૪૫

# પીટીસીમાં પ્રવેશ માટેના 'ઓનલાઈન' ફોર્મથી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં

## પુરતી કનેક્ટીવીટીના અભાવે અને પ્રવેશ ફોર્મ લાંબુ તેમજ ગુંચવણ ભર્યુ હોવાથી વિદ્યાર્થીઓ ત્રસ્ત : ઓફલાઈન ફોર્મની પણ સુવિધા રાખવા માંગ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા સહિત અત્યારે સમગ્ર રાજ્યાં પ્રાથમિક શિક્ષક તાલીમાર્થી એટલે કે પીટીસી કોલેજના અભ્યાસક્રમોમાં પ્રવેશની પ્રક્રિયા ચાલુ છે. આ પ્રવેશ પ્રક્રિયામાં હવે ઓનલાઈન ફોર્મ ભરવાનો આગ્રહ રખાયો છે જે રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં પુરતી કનેક્ટીવીટીના અભાવે વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેંડા સમાન સાબિત થઈ રહ્યો છે.

ગુજરાત એક વિકસીત રાજ્ય બની ગયું છે અને રાજ્યના તમામ ખૂણે હાઈટેક નેટવર્કીંગની સુવિધાઓ ઉભી થઈ ગઈ છે તેવા ખયાલી પુલાવમાં રાચતા શિક્ષણના માંધાતાઓ ભાવિ પેઢીની કારકિર્દી સાથે રમત કરી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં પુરતી નેટવર્કીંગની સુવિધા હોવા છતાં પીટીસી માટેના પ્રવેશ ઓનલાઈન ફોર્મ દ્વારા હાથ ધરાયા છે ત્યારે આવા વિસ્તારના ઉમેદવારોની હાલત કફોડી બની જવા પામી છે. ગુજરાત હજુ પુરેપુરૂ હાઈટેક બન્યુ નથી છતાં ધરાર ઓનલાઈન ફોર્મનો જ આગ્રહ રાખવાના અખતરા આ ઉમેદવારોના ભાવિ સાથે ગંભીર રમત કરી રહ્યા છે. વળી અધુરામાં પુરૂ હોય તેમ પીટીસીના પ્રવેશ ફોર્મ એટલા બધા લાંબા અને ગુંચવણભર્યા રાખ્યા હોવાને કારણે વિદ્યાર્થીઓ વધુ મુશ્કેલીમાં મુકાયા છે. માંડ માંડ શોધેલી 'કનેકટીવીટી' પણ વચ્ચેથી બ્રેક થઈ જાય તેટલી વાર આ ફોર્મને સમજવા અને ભરવામાં લાગી રહી છે. ઓનલાઈન ફોર્મની સાથે ઓફલાઈન ફોર્મની પણ વ્યવસ્થા હોવી જોઈએ તેવી આ ઉમેદવારો અને તેમના વાલીઓમાં માંગ ઉઠવા પામી છે. દરેક વિદ્યાશાખામાં ક્યાં તો ઉમેદવારો માટે ઓનલાઈન ફોર્મ ભરી શકવાની સગવડ ઉપલબ્ધ કરવી જોઈએ અથવા ઓપલાઈન પણ ફોર્મ ભરી શકાય તેવો ઓપ્શન આપવો જોઈએ તેવુ આ વાલીઓનું માનવું છે. આ ઉપરાંત પ્રવેશ પત્રક સરળ અને ખાસ જરૂર પુરતી માહિતી પુરતુ જ હોય તો પ્રવેશ પ્રક્રિયામાં સરળતા લાવી શકાય તેવી માંગણી વાલીઓ તથા વિદ્યાર્થીઓ કરી રહ્યા છે. અત્યારે તો આ ઉમેદવારોને ફોર્મ ભરવા ક્યાં કનેકટીવીટી સારી મળશે તે પહેલા શોધવું પડી રહ્યું છે.

# દહેગામ-સાણંદ રૂટની બસ બંધ કરાતા મુસાફરોમાં આક્રોશ

## તંત્ર દ્વારા ખોટ કરતા દિકરાને પાટે બેસાડાય છે અને કમાઉ દિકરાને ઘરની બહાર

ગાંધીનગર, તા. ૧૬

દહેગામથી સાણંદ રૂટની બસને એકાએક બંધ કરી દેવાતા રોજ અપડાઉન કરતા મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે. સવારે ૯-૦૦ વાગે નિયમિત રીતે ખીચોખીચ ભરાઈને જતી બસને કેમ બંધ કરવામાં આવી તેનું પણ કોઈ ચોકકસ કારણ તંત્ર દ્વારા બતાવવામાં આવતું નથી. આ રૂટને ફરીથી ચાલુ કરવા માટે મુસાફરો દ્વારા માંગણી કરવામાં આવી છે.

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મનઘડત નિર્ણયો લેવાતા અનેક મુસાફરો તેનો ભોગ બનતા હોય છે. તંત્ર દ્વારા ખોટ કરતી બસોને ચાલુ રાખવામાં આવે અને જે રૂટની બસોમાંથી આવક થાય છે જેમાં કર્મચારીઓનો પગાર નીકળે છે તેવી બસોને અચાનક બંધ કરવામાં આવે છે.

વર્ષોથી દહેગામ વાયા ગાંધીનગર સાણંદની રૂટની બસ તંત્ર દ્વારા ચલાવવામાં આવતી હતી. આ બસ દહેગામથી જ ખીચોખીચ ભરાઈ જતી હતી. તે ઉપરાંત ચિલોડા, ગાંધીનગર, સરખેજથી પણ મુસાફરો બસનો ઉપયોગ કરતા હતા તે છતાં અચાનક બસનો રૂટ બંધ કરતા બસમાં મુસાફરી કરતા, કર્મચારીઓ, વિદ્યાર્થીઓને ન છુટકે ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે છે.

રૂટ બંધ કરતા ડેઈલી અપડાઉન કરતા મુસાફરોને તો સમસ્યાનો સામનો કરવો જ પડે છે. પરંતુ આર્થિક રીતે વાહન વ્યવહાર નિગમને પણ આવનાર સમયમાં ખોટ પડશે ત્યારે તંત્રની ઝડપથી આ સમસ્યા પર આંખ પડે અને સમસ્યાનું નિરાકરણ લાવે તો સારું નહિ તો આવનાર સમયમાં મુસાફરોને ન છુટકે આંદોલનનો આશરો લેવો પડશે તેમ ચિમકી પણ ઉચ્ચારી છે.

# પાલનપુર એલસીબી પોલીસે બાઈકોની ચોરી કરતા શખ્સને ઝડપ્યો

## પોલીસે વધુ પૂછપરછ કરતા આઠ બાઈક ચોરીના ભેદ ખુલ્યા

પાલનપુર, તા. ૧૬

પાલનપુર શહેરમાં વધી રહેલી ચોરીને ડામવા માટે એલ.સી.બી. પોલીસ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમ દ્વારા ચોરીના બાઈક સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. વધુ પૂછપરછ કરતા આ શખ્સે આઠ બાઈક ચોરીની કબુલાત કરી છે.

શહેરમાં ચોરોનો ત્રાસ પોલીસ માટે માથાના દુઃખાવા સમાન થઈ રહ્યો છે ત્યારે પોલીસ અધિક્ષક બનાસકાંઠા દ્વારા ચોરીઓ ડામવા માટે અલગ-અલગ ટીમ બનાવી શહેરના વિસ્તારોમાં ગોઠવી દેવા સૂચના આપવામાં આવી હતી. પાલનપુરના સિટીલાઈટ કોમ્પલેક્ષ સામે એલસીબીની ટીમ વોચ રાખી રહી હતી તે દરમ્યાન પોલીસને બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીનું એક્ટીવા લઈને આવી રહ્યો છે.

એક્ટીવા નં. જીજે-૮-એમ-૬૪૬૯ લઈને આવતો જીસાનખાન ઐયુબખાન (રહે. માલણ, સરકારી હોસ્પિટલની બાજુમાં)ને પકડી પુછપરછ કરતા ચોરીનું એક્ટીવા માલુમ પડ્યું હતું. તેમજ પોલીસે આ શખ્સની વધુ પુછપરછ કરતા શખ્સે પાલનપુર શહેરના અલગ-અલગ વિસ્તારમાંથી આઠ બાઈક ચોરી કર્યાનું કબુલાત કરી છે.

જીસાનખાન ઐયુબખાન ધાસુરા રહે. માલણ સરકારી હોસ્પિટલની બાજુમાં તા. પાલનપુરવાળો ધો. નવમા નપાસ થયા પછી બાલારામ રિસોર્ટમાં નોકરી કરેલ અને તે છોડી મહેશ સેલ્સમાં મોટરસાયકલ ટ્રકમાં લોડીંગ કરાવતો અને જે વખતે ચલાવતા શીખેલ અને તેમાં પોતે ઘણી બધી ચાવીઓ લઈ ઘેરથી નીકળી પાલનપુર આવતાં જે બાઈક એક્ટીવા પડેલ હોય તેને ચાવી લગાવતો અને ચાવી લાગે તે પોતે ચોરી કરી લઈ જતો અને પોતાના મિત્રને બાઈક મુકવા આપતો અને ભેગા કરી પોતે સ્પેરપાર્ટ બદલી વેચવાની ફીરાકમાં હતો અને પકડાયેલ છે. પોલીસે શખ્સની વધુ તપાસ હાથ ધરી છે.



સરદાર સરોવર નર્મદા ડેમના બંધની ઉંચાઈ વધારવાના તથા ૩૦ દરવાજા મૂકવાનાં નિર્ણયની ખુશી વ્યક્ત કરવા તથા આશીર્વાદ મેળવવા મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ સ્વામી સચ્ચિદાનંદજીના આશ્રમે ગયા હતા. સ્વામીજીએ પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી બંનેને ભાવપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

# સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગ ૨૦મીથી આરંભાશે

ગાંધીનગર, તા. ૧૬

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આર્મી, એરફોર્સ, નેવી, અર્ધ લશ્કરી દળો, પેરા મીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વગેરેમાં જોડાવવા માંગતા ઉમેદવારોને ભરતી પૂર્વે શારીરિક તેમજ માનસિક ક્ષમતા માટેની સ્વામી વિવેકાનંદ પૂર્વ સંરક્ષણ નિવાસી તાલીમ વર્ગનું આયોજન તા. ૨૦મી જૂન થી તા. ૧૯મી જુલાઈ, ૨૦૧૪ સુધી કરવામાં આવ્યું છે.

આર્મી, એરફોર્સ, નેવી, અર્ધ લશ્કરી દળો, પેરા મીલીટ્રી ફોર્સીસ તથા પોલીસ ફોર્સ વગેરેની જગ્યાઓ માટે શારીરિક યોગ્યતા ધરાવતા, નિયત કરેલ જરૂરી શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ અને નિયત વય ૧૭૧/૨ વર્ષ થી ૨૧ વર્ષ અથવા ધોરણ-૧૨ પાસ અને નિયત ઉંમર ૧૭ ૧/૨ થી ૨૩ વર્ષ ધરાવતા યુવાનોને શારીરિક/માનસિક ક્ષમતા તથા લેખિત પરીક્ષા માટે આ ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં શારીરિક યોગ્યતા માટે ઉંચાઈ, વજન તથા છાતી અને શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો, પુલ અપ્સ વગેરેની ફિઝીકલ ઈન્સ્ટ્રકર દ્વારા ભરતીને અનુરૂપ ફીઝીકલ/મેન્ટલ તાલીમ આપવામાં આવશે. તાલીમી વ્યાખ્યાતાઓ દ્વારા અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન તથા સામાન્ય જ્ઞાનની પણ તાલીમ આપવામાં આવશે.

આ તાલીમ વર્ગ માટે ઉમેદવારોની યાદી રોજગાર કચેરી દ્વારા તૈયાર કરવા માટે કચેરીના કામકાજના દિવસોમાં સવારના ૧૧ થી સાંજના ૬ કલાક સુધી ઉંચાઈ, વજન, શારીરિક ક્ષમતા વગેરેનો ટેસ્ટ લઈ -ાથમિક પસંદગી કરવામાં આવશે. પસંદગી થયેલ ઉમેદવારોની સિવિલ હોસપિટલમાં ડૉકટર મારફતે -ાથમિક તબીબી ચકાસણી કરીને તાલીમાર્થીઓની ફાઈનલ યાદી તૈયાર કરવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં જોડાનાર ઉમેદવારને દૈનિક રૂપિયા ૧૦૦/- લેખે ૩૦ દિવસના રૂપિયા ૩૦૦૦/- સ્ટાઈપેન્ડ ચેક દ્વારા ચુકવવામાં આવશે. રહેવા અને જમવાની સુવિધા વિના મૂલ્યે રહેશે. આ તાલીમ વર્ગમાં જોડાવવા માટે ઉમેદવારે એક પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે અરજી ફોર્મ ભરવાનું રહેશે. તાલીમની વધુ માહિતી માટે રોજગાર વિનિમય કચેરીની હેલ્પલાઈન ટેલીફોન નંબર ૨૩૨ ૫૭૫૭૧ પર સંપર્ક કરવો.

# રેલવે સ્ટેશન પર ટેક્સી ચાલકોની હડતાલ જારી

રેલ્વે સ્ટેશન પર વર્ષોથી ટેક્સી પાર્ક કરી ધંધો કરતા ટેક્સી ચાલકોને સ્ટેશનની જગ્યા ખાલી કરવાના રેલવે સત્તાવાળાઓ દ્વારા અપાયેલા આદેશના પગલે છેલ્લા પાંચ દિવસથી ટેક્સી ચાલકોએ હડતાલ શરૂ કરી છે. જેના પગલે બહારગામથી આવતા મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા છે. બીજી બાજુ અત્યાર સુધી રેલવેની જગ્યામાં મફત ટેક્સી પાર્ક કરતાં ટેક્સી ચાલકો પાસેથી પણ ભાડુ વસુલ કરવાના ભાગરૂપે ટેન્ડર સહિતની પ્રક્રિયા શરૂ કરવાનું રેલવેનું આયોજન હોવાનું જાણવા મળ્યું છે. રેલવે સ્ટેશન પરિસરમાં વર્ષોથી ૧૦૦થી વધુ ટેક્સી ચાલકો પોતાની ટેક્સી પાર્ક કરે છે અને પ્રવાસીઓને તેમના સ્થળ સુધી પહોંચાડી પોતાનો ધંધો કરતા હતા પરંતુ ગયા અઠવાડીયે રેલવે સત્તાવાળાઓ દ્વારા ટેક્સી ચાલકોને આ જગ્યા ખાલી કરવાના આદેશો આપવામાં આવ્યા હતા. જેના પગલે તમામ ટેક્સી ડ્રાઈવરો હડતાલ ઉપર ઉતરી ગયા છે. મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

# જૂનાગઢ જિલ્લાના ભાજપના પ્રમુખ કનુભાઈનું રાજીનામું

## વિસાવદરની બેઠક પરથી ભરત પટેલની હાર બાદ થયેલા વિવાદને પગલે રાજીનામુ આપ્યું હોવાની રાજકીય ચર્ચા

અમદાવાદ, તા.૧૬

ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના પુત્ર ભરત પટેલની વિસાવદર વિધાનસભાની બેઠકની પેટા ચૂંટણીમાં થયેલી કારમી હાર બાદ સર્જાયેલા વિવાદને પગલે જૂનાગઢ જિલ્લાના ભાજપના પ્રમુખ કનુભાઈ ભલાલાએ જિલ્લા પ્રમુખપદેથી રાજીનામુ આપી દીધું હોવાનું જાણવા મળે છે.

ભાજપના સુત્રોના જણાવ્યા અનુસાર કનુભાઈ ભલાલાએ ભાજપના પ્રદેશ મહામંત્રી વિજય રૂપાણીને તેમનું રાજીનામું સુપરત કર્યું છે. તાજેતરમાં યોજાયેલી લોકસભાની સાથે ગુજરાત વિધાનસભાની કેટલીક ખાલી બેઠકોની પેટાચૂંટણીઓ પૈકી વિસાવદરની બેઠક માટે ભાજપ તરફથી ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના પુત્ર ભરત પટેલને ટિકીટ આપવામાં આવી હતી. પરંતુ ભરત પટેલ સામે સ્થાનિક કક્ષાએ સર્જાયેલા વિરોધના પગલે જિલ્લા પ્રમુખ સહિત કેટલાક નેતાઓ ચૂંટણી પ્રચારમાં નિષ્ક્રિય રહ્યા હોવાનો ખુદ ભરત પટેલે આક્ષેપ કર્યો હતો.

આ ઉપરાંત લોકસભાની ચૂંટણીમાં ૧૭ વિધાનસભા ક્ષેત્રમાં કોંગ્રેસને ભાજપ કરતા વધુ લીડ મળી હોવાથી તેમજ જૂનાગઢની વિસાવદર વિધાનસભાની બેઠક ઉપરાંત દક્ષિણ ગુજરાતની માંડવી તથા કચ્છની અબડાસા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર વિજયી થયા હોવાથી ભાજપના કેટલાંક આગેવાનો તથા કાર્યકરોએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી હોવાની વ્યાપક ફરીયાદો ઉઠી હતી. જેના પગલે તાજેતરમાં જ ભાજપની નેતાગીરીએ પક્ષની શિસ્ત સમિતિની રચના કરી હતી અને આ પ્રકારની ફરિયાદોની તપાસ કરવા શિસ્ત સમિતિને સૂચના આપી હતી. જેના પગલે શિસ્ત સમિતિ દ્વારા પક્ષની નેતાગીરીને વિસાવદરની બેઠકમાં ચૂંટણી દરમિયાન થયેલી પક્ષ વિરોધ પ્રવૃત્તિનો કોઈ રિપોર્ટ સોંપવામાં આવે અને પક્ષ દ્વારા કોઈ પગલાં ભરવામાં આવે તે પહેલા જ કનુભાઈ ભલાલાએ જૂનાગઢના જિલ્લા પ્રમુખ પદેથી રાજીનામુ આપી દીધું હોવાનું ભાજપના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.



અમદાવાદ ખાતે આવેલ હાઉસિંગ બોર્ડની ઓફિસની બહાર મકાનના સંદર્ભમાં કોઈ ખાતરી ન મળતા લોકોએ જોરદાર હોબાળો મચાવ્યો હતો.

# બેરોજગાર થયેલ વેપારીએ નદીમાં પડી આપઘાત કર્યો

અમદાવાદ શહેરમાં ભદ્ર પ્લાઝા વિસ્તારને રૂા. ૩૨ કરોડના ખર્ચે વિકસાવવા માટેનું આયોજન મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. છેલ્લા ૫૦ વર્ષથી ત્રણ દરવાજાનો પાથરણા બજારનો વિસ્તાર ગરીબો માટે આશીર્વાદરૂપ હતો પરંતુ ભદ્ર પ્લાઝાને ડેવલોપ કરવાનો નિર્ણય લેવાતાં તેની આજુબાજુ બેસતા પાથરણા વાળાઓને ખસેડી દેવામાં આવ્યા હતા. પરંતુ પાથરણા વાળાઓએ ખસેડાતા ત્યાં બેસતા લોકોનો ધંધો ચાલતો ન હતો જેમાં રવિવારના રોજ પાથરણા પાથરીને સ્વરોજગાર કરતા મોહમ્મદ રફીક મોહમ્મદ સીદીક ટોંકવાલા (ઉ.૪૫) નામની એક વ્યક્તિએ આર્થિક સંકડામણને કારણે નદીમાં પડી જઈ આપઘાત કર્યો હતો.

# પ્રવેશ સમયે પ્રમાણપત્રો ન મળતા વિદ્યાર્થીઓ પરેશાન

## કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા મનિષ દોશીએ ખૂબ વહેલી તકે પ્રવેશપત્ર મળે તેવી વ્યવસ્થા ગોઠવવા માટેની માંગ કરી

અમદાવાદ, તા.૧૬

પ્રવેશ સમયે પ્રમાણપત્રો ન મળતા વિદ્યાર્થીઓમાં તકલીફ વધી રહી છ ત્યારે કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ વહેલી તકે પ્રવેશ પત્ર મળે તેવી વ્યવસ્થા ગોઠવવાની માંગ કરી છે.

ગુજરાતમાં નવા શૈક્ષણિક પ્રવેશ સમયે જ વિવિધ વિદ્યાશાખામાં પ્રવેશ માટે જરૂરી જાતિ પ્રમાણપત્રો, આવકના પ્રમાણપત્રો, વિકાલંગતાના પ્રમાણપત્રો, ક્રિમીલેયર પ્રમાણપત્રો મેળવવા માટે કલેક્ટર / મામલતદાર કચેરીએ લાંબી લાંબી લાઈનો લાગે છે જે માટે ધોમ-ધખતા તાપમાં વિદ્યાર્થીઓ વાલીઓ પરેશાન થઈ રહ્યા છે, ત્યારે જાતિ / આવક / વિકલાંગતાના પ્રમાણપત્રો માટે સરળ વ્યવસ્થા તાકીદે ગોઠવવાની માંગ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે રાજયના દલીત, બક્ષીપંચ, આદિવાસી તથા વિકલાંગતા માટે હજારો વિદ્યાર્થીઓ શૈક્ષણિક કારકિર્દી માટે પ્રમાણપત્રો મેળવવા માટે આઠ-આઠ દિવસથી અરજી કર્યા છતાં હેરાન પરેશાન થઈ રહ્યા છે. દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ તેમના માટે જરૂરી પ્રમાણપત્રો મેળવવા માટે કલેક્ટર અને મામલતદાર કચેરીએ ધોમ-ધખતા તાપમાન લાઈનો લગાવતા હોય છે, પણ વહીવટી તંત્રનું પેટનું પાણી પણ હલતું નથી. કલેક્ટર, મામલતદાર કચેરીએ પ્રમાણપત્ર મેળવવા માટે આવનાર અરજીકર્તા યોગ્ય જવાબ પણ મળતો નથી.

જાતિ / આવક / વિકલાંગતા / ક્રિમીલેયર સર્ટીફીકેટ માટે વહીવટી તંત્ર ઝડપી અને સરળ કાર્યવાહી તાકીદે નહીં કરે તો કોંગ્રેસપક્ષ દ્વારા કલેક્ટર કચેરીને ઘેરાવ કાર્યક્રમની ચીમકી આપતા કોંગ્રેસ પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે જાતિ / આવક / વિકલાંગતા / ક્રિમીલેયર સર્ટીફીકેટ સમયસર આપવાની જવાબદારી રાજ્ય સરકારની છે, પ્રમાણપત્રોના અભાવે કોઈપણ વિદ્યાર્થીઓનો હક્ક છીનવાશે અને કારકીર્દી જોખમાશે તો તેની જવાબદારી રાજ્ય સરકારની રહેશે. રાજ્યના વહીવટીતંત્રને તમાશા / ઉત્સવોમાં વ્યસ્ત રહેવાને બદલે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો જલ્દી અને સરળતાથી મળે તેવી વ્યવસ્થા કરવા કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

## શબ્દાવલી - ૫૪૨૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ■ | ૮ | | ■ | ■ | ૯ | | |
| ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | | ■ |
| ૧૩ | | ૧૪ | ■ | | ■ | ■ | ૧૫ |
| ■ | ■ | ૧૬ | | | ૧૭ | ૧૮ | ■ |
| ૧૯ | ૨૦ | | ■ | ■ | ૨૧ | | ૨૨ |
| ૨૩ | | | ■ | ૨૪ | | ■ | |
| | ■ | ■ | ૨૫ | | | | |

### આડી ચાવી

૧. પાયલ, નુપૂર (૩)
૪. સારો આચાર, શિષ્ટાચાર (૪)
૮. આફત, આપત્તિ (૨)
૯. નાનું નગારું (૩)
૧૦. પૃથ્વી, ધરતી (૨)
૧૧. અફસોસ, અધુરી ઇચ્છા(૪)
૧૩. રોતડું (૩)
૧૫. એક રમત જેમાં... કહીને દાવ અપાય છે (૧)
૧૬. જર્જરીત, ખખડી ગયેલ(૫)
૧૯. પ્રશ્ન (૩)
૨૧. રાજા (૩)
૨૩. પાસુ, બાજુ (૩)
૨૪. અગ્નિ, લાય (૨)
૨૫. સુબહ-શામ (ગુજરાતીમાં) (૫)

### ઊભી ચાવી

૨. ઘરેણાં વગેરે (૪)
૩. છુટ્ટીનો દિવસ (૨)
૫. રાક્ષસ (૩)
૬. ઓસાડ, ઓઢવાની જાડી ચાદર(૩)
૭. રામ (૨)
૧૦. એક પ્રકારનું ઘાસ (૨)
૧૨. સમાચાર (૩)
૧૪. લહેરખી, પીડા, દુઃખ (૪)
૧૭. પરાણે, બળજબરીથી (૪)
૧૮. કાજી, ન્યાય કરનાર (૨)
૧૯. સોગંદ, કસમ (૩)
૨૦. કાંટા-તારની જાળી (૨)
૨૨. ખોદવાની કોશ (૩)
૨૪. મુકદમા, કેસ (૨)

### શબ્દાવલી ૫૪૨૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) બેલાશક (૩) સીલોન (૬) વાઘ (૭) જમાનત (૮) વગદાર (૧૦) વિગ્રહ (૧૧) દાભ (૧૩) વાહન (૧૪) લુમ (૧૬) રવો (૧૮) મોકુફ (૨૦) ડોકવું (૨૧) બદચલન

**ઊભી ચાવી :-** (૧) બેવા (૨) લાઘવગ્રહ (૩) સીમા (૪) લોન (૫) નતમસ્તક (૭) જરદાલુ (૯) ગહન (૧૦) સફલ (૧૭) વોકળો (૧૮) મોદ (૧૯) કુચ

## કનેક્ટીવીટી ખોરવાતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવાનો નિર્ણય કર્યો છે.

આજે વારંવાર કનેક્ટીવીટી નેટવર્કની જતી રહી હતી જેથી ૪૦ ટકાથી પણ વધુ અરજદારોને તેમની કામગીરી અધુરી છોડી પરત જવાની ફરજ પડી હતી. તંત્રએ લોકોને તકલીફ ના પડે તે માટે શનિવાર-રવિવારના રોજ રજા હોવા છતાં પણ આ જનસેવા કેન્દ્રની સેવાઓ ચાલુ રાખી હતી. જે ઉલ્લેખનીય છે. જી-સ્વાનની કનેક્ટીવીટી છેલ્લા ઘણા સમયથી ચર્ચામાં રહી છે. તેનું સર્વર વારંવાર ડાઉન થઈ જાય છે તેમજ તેની નિભાવણી અને જાળવણીમાં પણ જે રીતે આંખ આડા કાન તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યા છે તેની સીધી અસર લોકોને અપાતી સેવાઓ પર પડી રહી છે.

લોકલ એરિયા નેટવર્ક પણ મરામત માંગી રહ્યું છે. ગાંધીનગર જિલ્લા પંચાયતના ફોન છેલ્લા પંદર દિવસથી મૂંગા થઈ પડ્યા છે પરંતુ કોઈ રિપેર કરવાની દરકાર કરતુ નથી. આ અંગે વારંવાર ફરિયાદો કર્યા પછી હવે અધિકારીઓએ ફરિયાદ પણ કરવાનું છોડી દીધુ છે.

ગાંધીનગરમાં સચિવાલય સિવાયની અન્ય કચેરીઓમાં લોકલ એરિયા નેટવર્કથી કનેક્ટીવીટી અપાયેલી છે પણ તેની જાળવણી અને નિભાવણી સામે ઘણા બધા પ્રશ્નાર્થો છે. સેન્ટ્રલ વિષ્ટાના ચાલી રહેલા નિર્માણ કાર્યને લઈ પરેશાની થતી હોવાની વાતો કરી બચાવ કરવાનો પ્રયાસ થાય છે પણ વાસ્તવિકતા સાવ અલગ જ છે.

## કૃષિ વિકાસ માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

યોજનાઓ પણ રજુ કરાશે. આ માટે ડૉ. પી.કે. દાસ કમિટીના અહેવાલની ભલામણો ધ્યાને લેવાશે.

ગુજરાત સરકારે અગાઉ યુવા વર્ષ તેમજ શહેરી વિકાસ વર્ષની ઉજવણી કરી આ માટે વધુ નાણાંકીય ફાળવણી બજેટમાં કરી હતી. આ વખતે કૃષિ વિકાસ માટે પણ બજેટમાં વધુ ફાળવણી કરી સમૃદ્ધ કૃષિનો સંકલ્પ કરાશે.

મળતી વિગતો મુજબ સરકારે અગાઉ જે ખેત તલાવડી તેમજ ટપક સિંચાઈ પદ્ધતિમાં પ્રોત્સાહક યોજનાઓ આપી હતી તેના પ્રોત્સાહનમાં સુધારો કરાશે. ગ્રીન હાઉસ ખેતી અને ઓર્ગેનિક ખાતરના ઉપયોગને પ્રોત્સાહિત કરવામાં આવે તેમજ ખેતીના બદલાતા ટ્રેન્ડને ધ્યાને રાખી નવીન ખેતી પદ્ધતિઓ પર ભાર મુકવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

## ધમાકેદાર એન્ટ્રી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે કેટલાક ચેકડેમો અને નાની નદીઓ છલકાવા પામી છે. જૂનાગઢ અને ગીર સોમનાથમાં થયેલા સાંબેલાધાર વરસાદને પગલે ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે.

સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ કરેલી ધમાકેદાર એન્ટ્રી બાદ આજે દિવસ દરમ્યાન દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાની એન્ટ્રી થઈ હોવાનું રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી જાણવા મળે છે.

અમદાવાદ શહેરમાં પણ આજે બપોર બાદ હવામાન પલટાતા અને કેટલાક વિસ્તારોમાં વરસાદ શરૂ થતાં અમદાવાદના નગરજનોએ ગરમીથી રાહતનો દમ લીધો હતો.

પાટનગર ગાંધીનગરમાં આજે વહેલી સવારે વરસાદના અમી છાંટણા થયા હતા પરંતુ વરસાદ ન થતા દિવસભર ઉકળાટ સાથે ગરમી પડતા નગરજનો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા.

ઉત્તર ગુજરાતમાં પણ કેટલાક વિસ્તારોમાં હવામાનમાં પલટો આવ્યો હતો અને વાદળછાયુ વાતાવરણ સર્જાયું હોવાનું જાણવા મળે છે.

## ગ્રામજનોમાં આક્રોશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો હતો. શહેરી વિસ્તારના આ ગામોમાં સી.સી. રોડ બનાવવાનું મોટાભાગનું કામ પૂર્ણ કરી દેવાયુ છે. આ કામગીરી પાછળ રૂ. ૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ આ કામગીરીના અંતે પણ ફતેપુરા અને બોરીજમાં રસ્તા નિર્માણની કામગીરી બાકી રહી ગઈ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેના પરિણામે ગ્રામજનોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. આ મામલે સ્થાનિક ગ્રામજનોએ આ અંગે પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઈજનેરને પણ રજૂઆત કરી છે.